April 2023

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

જ્ઞાન * દર્શન * ચારિત્ર

શ્રી પાટણ જૈન મંડળ ESTD. 1912

સેવા * સહકાર * સંગઠન

Year 18 ● Issue 7 / 206

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 40 ● Price Rs. 2/-

● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



મારે પાટણ સમાજને કંઈક કહેવુ છે

મારા વ્હાલા સ્નેહી સ્વજનો,

કહેવાય છે કે માનવનું હૃદય એ પરમાત્માનું મંદિર છે, આપ સહુના હૃદયમાં બિરાજમાન પરમાત્માને વંદન કરીને આપ સહુનું સ્વાગત કરું છું. સ્વાતિ નક્ષત્રમાં પડેલું પ્રથમ જલબિંદુ કાલુ માછલીના ઉદરમાં મોતી બની ઝળહળે છે. તે રીતે આપણું શ્રી પાટણ જૈન મંડળ અન્ય જૈન સમાજોની હરોળમાં મૂલ્યવાન મોતીની જેમ ઝળહળે છે.

મિત્રો ! સમય સતત સરતો જાય છે. મારા પ્રમુખ સ્થાનેથી અને મારી ટીમનાં બધાજ સભ્યોનો આ એક વર્ષનો સમય ૩૬૫ દિવસ પૂરાં કરીને, બીજા વર્ષમાં ૨૦૨૩ના એપ્રિલમાં પ્રવેશ કરે છે.

શ્રી પાટણ જૈન મંડળ, મારા તમારા અને આપણાં સહુના સ્વપ્નોને સાકાર કરવાનું મંગલભવન છે. આ સંસ્થાના પાયામાં રહેલા સર્વે ફોર્મર પ્રેસિડન્ટોને તેમજ સમાજ પ્રત્યે જેઓએ પોતાનું યોગદાન સમર્પિત કર્યું છે તેમને હું પ્રણામ કરું છું.

વર્ષ ૨૦૨૨માં ચૂંટાઈને આવેલા આપણા બધા જ કમિટિ મેમ્બરોએ સમગ્ર વર્ષ દરમ્યાન **''સાથી હાથ બઢાના''** સૂત્રને સાર્થક કરીને અનેકવિધ કાર્યક્રમોનાં આયોજન કરીને સિદ્ધિના શિખરો સર કર્યા છે. સમાજનાં લોકો સાથે ગમતાનો અને મમતાનો ગુલાલ કરવાનું બધાને ગમે છે. બસ ! મારી એક જ ઝંખના છે **''પ્રગતિ અને વિકાસ, સબ કા સાથ સબકા વિકાસ''** પાટણને, પાટણના પરિવારો માટે કંઈક કરવુંછે. આપની સમક્ષ મારા મનની ભાવના રજૂ કરતા હું ખૂબ જ હર્ષની લાગણીનો અનુભવ કરું છું. ગત વર્ષે વિવિધ પ્રકારની સમાજોપયોગી પ્રવૃત્તિઓ સાથે આપણે સહુએ ધાર્મિક યાત્રાઓ તથા મનોરંજનનાં કાર્યક્રમોના આયોજન કરીને કરીને સમાજનાં લોકોને એકબીજાની નજીક લાવ્યા. આત્મીયતાના ભાવ જાગ્યા. તન-મન-ધન-સમય-શ્રમ અને સાથે સમજદારીનો સૂમેળ કરીને સમાજની સેવા કરવાનો એક ઉત્તમ યજ્ઞનો આરંભ કર્યો છે તેમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત થઈ છે.

**"Holliness and Happiness gat to gether"**

'પ્રતિબિંબ'નો આ વિશેષાંક છે તેમાંથી આપ સહુને ઉલ્લેખનીય બધા જ કાર્યક્રમોની ઝલક જોવા મળશે. ગત વર્ષે પણ કાર્યક્રમો તેમજ સમાજ સેવાના કાર્યોનો અહેવાલ આપ્યો હતો. આ અંકમાંથી પણ બધી જ માહિતી મળી રહેશે.

❇ તા. ૯ એપ્રિલના રોજ, એશિયાનું નંબર વન ગણાતું એવા જાજરમાન સન્મુખાનંદ હોલમાં મહાન મ્યુઝિક કલાકાર **અમીત જાધવનો** ગીત-સંગીતનો **'જલસો'** કાર્યક્રમ આપ સહુએ ખૂબ જ ઉત્તમ પ્રતિસાદ આપીને માણ્યો. આ અવસરની એક વિશેષતા હતી કે સમાજનાં ઘણાં બધાં દાતાઓએ એવું વિચાર્યું કે; **''સ્મિતનું એક સુમન માનવબંધુને આપીએ અને આનંદ માણીએ.''**

મિત્રો ! **''આનંદ એક એવું અત્તર છે જેને જેટલા વધુ લોકો પર છાંટીએ તેટલી વધુ સુગંધ તમારી ભીતરથી આવશે.''**

આવી શુભ ભાવના સાથે બધા જ દાતા પરિવારોને તેમના સ્વજનોને મંચ પર માનભેર આમંત્રિત કરીને ખૂબ જ સુંદર મજાનો મોમેન્ટો આપીને તથા તેમના પરિવારજનોને ગિફ્ટ આપીને સમ્માનિત કર્યા હતા. સર્વત્રથી મળતા, છલકતા હૃદયોના અભિનંદન વચ્ચે શ્રી પાટણ જૈન સમાજનાં સૌ પરિવારોનું, અભિવાદન કરું છું દાનવીર દાતાઓ જે પ્રેમ, સ્નેહ અને સાધર્મિક બંધુઓ પ્રત્યે લાગણી દર્શાવી દાનની ભગીરથ ગંગા વહાવી રહ્યા છે તે કાર્ય સરાહનીય છે અનુમોદનીય છે.

Cont. page 2

**શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ રાજુલાવાલા (વખતજીની શેરી)** હાલ પુના તેઓએ જે ઉદારતાથી **રૂા. સવા પાંચ કરોડનું** શ્રેષ્ઠ દાન કર્યું છે તે બદલ અનુમોદના જેટલી કરીએ તેટલી ઓછી છે શ્રી પાટણ જૈન સમાજનો પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે.



**''હરેશભાઈ તમારો સાથ મળ્યો**
**માનવતાને નવું નામ મળ્યું.''**



**This type of valuable support would certanly relieve pairs of the poor patients and their family.**

સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ યોજનાઓ અંતર્ગત જે જે પરિવારના દાતાઓએ ઉદાર દિલે દાન આપીને આપણાં પૂર્વજ શ્રેષ્ઠિઓ મોતીશા, ભામાશા, જગડુશા જેવા મહાન દાનવીરોની જેમ દાનગંગાનો પ્રવાહ શરૂ કર્યો છે અને તેમાં વૃદ્ધિ કરતાં રહે છે તે પ્રસંશનીય છે.

**''વિષમ અને કઠીન આ જીવનમાં આપ સહુની આ દાનની ભાવના બંદગીની ચાહત બની રહેશે.''**

આ ભવ્ય કાર્યક્રમની સફળતાનો શ્રેય મળે છે, પ્રથમ ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ એ શાહ, શ્રી રોહિતભાઈ એમ. શાહ, મંત્રી શ્રી દેવેશભાઈ આર. શાહ** અને પ્રોગ્રામ કમિટીના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વી. શાહ, શ્રી ભાવિકભાઈ બી. શાહ** જેઓએ ખૂબજ આકર્ષક ડિઝાઈનો અને વિડિયો બનાવીને **'વોટ્સએપ'** દ્વારા બધાને ઘરે ઘરે માહિતી મોકલી આપી હતી તેમજ અન્ય કમિટી મેમ્બરો જેઓએ આ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી આપવા ખૂબજ મહેનત કરી હતી. સંપૂર્ણ મેનેજમેન્ટ પ્રસંશનીય હતું. આપ સહુને 'ધન્યવાદ'.

❊ શ્રી પાટણ જૈન મંડળની બધી જ પ્રવૃત્તિઓ સાથે સૌથી અઘરી અને મુશ્કેલી ભરી કામગીરી જે બજાવી હોય તો તે છે શ્રી પાટણ જૈન મંડળનું વસ્તી પત્રક ખૂબ જ પરિશ્રમ, ખંત ચીવટ અને ચોક્કસાઈપૂર્વક આ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું છે. એ માટે જે સમય કાર્યકર ભાઈ-બહેનોએ ફાળવ્યો છે તેનો કોઈ મોલ થઈ શકે તેમ જ નથી. પાટણનો જાજરમાન ઈતિહાસ, જાહેરખબરો, આકર્ષક મુખપૃષ્ઠ તથા સમાજનાં માત્ર ભારતમાં જ વસતાં આપણાં પરિવારો જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં વસતા પરિવારજનોની માહિતી એકત્ર કરી, ત્રણથી ચાર વાર પ્રુફ રીડીંગ કરી **તા. ૯ એપ્રિલ ૨૦૨૩ના રવિવારના રોજ સન્મુખાનંદ હોલમાં 'જલસો'** કાર્યક્રમ દરમ્યાન **વસ્તી પત્રકનું વિમોચન** સમાજનાં સર્વે ઉપસ્થિત પરિવારો અને મંચ ઉપર બિરાજમાન મહાનુભવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું તે બદલ મને અને મારી કમિટીના સભ્યોને જે લાગણીનો અનુભવ થયો તે અવર્ણનીય છે. **શ્રી રાજેન્દ્રભાઈ જે શાહ (જે.ડી.)ના** નેતૃત્વમાં **શ્રી ભાવિકભાઈ, શ્રી નિલેશભાઈ આર. શાહ ...** તથા અન્ય ડિજીટલ ટીમ અને યુવા કાર્યકર ભાઈઓ-બહેનોના અમૂલ્ય સાથ સહકારથી સફળતાને વર્યા છે. શ્રી પાટણ જૈન મંડળ ઓફિસના સમગ્ર સ્ટાફે અથાગ પરિશ્રમ લઈને અભિનંદનને પાત્ર સાથ સહકાર આપ્યો છે.

**I congratulate you on behalf of all patani's**
**I am Very grateful to you all my Team, supporters and PJM Staff.**

❊ **તા. ૧૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ આયુષ રિસોર્ટ** ખાતે બધાજ ઓફિસ બેરર્સ, કમિટી મેમ્બરો અને આમંત્રિત મહેમાનો વીથ સ્પાઉસ સાથે મીટ-ટુ-મીટ - trained Program- Next 4 years given to them vision, mission and goals for best future planning માટે વન ડે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. પલ પલનું અવલોક અને પલ પલની જાગૃતિ સમાજના વર્તમાનની Action સુધારી શકે છે અને ભવિષ્યના રિએક્શનને ભવ્ય બનાવી શકે છે. સમાજ સાથેની એક સમજ ...... જે સહજતાથી ફોલો કરવાનું મન થઈ જ જાય. આવો ... આજથી જ કરીએ future planning. આ પ્લાનીંગ માટે ત્રણ ગોલ્સ (દિશા) નક્કી કરીને આગામી ચાર વર્ષ માટે આપવામાં આવ્યા છે જે મુજબ

**(1) ૮૦ કરોડ રૂપિયાનું ફંડ વિવિધ પ્રોજેક્ટ માટે અને સહાય કરવા માટે**
**(2) શ્રી પાટણ જૈન મંડળમાં કાર્ય કરવા માટે ૧૦૦ નવ યુવાનોને તૈયાર કરવા કટિબદ્ધ થવું.**
**(3) મેનેજીંગ કમિટીના મેમ્બર બીજા ૮૦૦ જણાને રૂપિયા ૧.૨૫ લાખના સભ્ય બનાવવા પ્રયત્ન કરવો.**

શ્રી હેમંતભાઈ સાલવીએ **'સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર'** બાબત વિગતવાર જાણકારી આપી હતી અને હજુ ૨૨ કરોડ રૂપિયાનાં ફંડની જરૂર છે. તેમાં હૉસ્પિટલને લગતી બધાજ પ્રકારની મશિનરીઓ, સાધનો વિગેરે વિગેરે અન્ય સામગ્રીઓની જરૂરિયાત રહેશે તે માટે ફંડ તાત્કાલિક ધોરણે જો ભેગુ થઈ જાય તો નજીકના ભવિષ્યમાં મેડિકલ સેન્ટર ચાલુ કરી શકીએ.

❊ **દેશ અને દુનિયા ગ્લોબલાઈઝેશનના** યુગમાં જેટલી ગતિથી આગળ વધી રહી છે. ત્યારે આપણે પાટણ સમાજ તેમાં પાછળ કઈ રીતે રહી શકે. આ વાતને સાર્થક કરતા આધુનિક ડિજીટલ યુગમાં કદમ સે કદમ મિલાવી સમાજનો ગ્રોથ કરવા અને યુવા પેઢીને તૈયાર કરવા માટે **શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ** (Digital App) તેઓ ખૂબ જ ઉપયોગી અને સ્ક્રીન ટચ એક App તૈયાર કરીને બહુ જ ટૂંક સમયમાં આવી રહ્યા છે, જેમાં તમને **વસ્તી પત્રક, ઈવેન્ટ મેનેજમેન્ટ, મેટ્રોમોનિયલ, બિઝનેસ ડિરેક્ટરી** સિવાય અનેક વિષયોની માહિતી મળી જશે. સંસ્થા અને સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થશે.

Cont. page 3

"Every Mountain top with in reach, if you all just keep climbing"

❇ **શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહે ISO-9001:2015** દ્વારા શું ફાયદા થાય છે તે અંગે **ISO System** વિશેની વિગતવાર જાણકારી આપી હતી. શ્રી પાટણ જૈન મંડળના બધા ઉપપ્રમુખો અને માનદમંત્રીઓએ આ સિસ્ટમને સમજીને ફોલોઅપ કરવાની જરૂર છે, જેથી સમાજની પ્રગતિ સારી રીતે થઈ શકે અને સમાજના લોકોને તેનો લાભ મળે.

❇ ગોરેગામના હોલમાં યુથ પ્રોગ્રામનું સંચાલન **શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ શાહે** કર્યું હતું. તેમની સાથે મંત્રી **શ્રી દેવેશભાઈ, શ્રી ભાવિકભાઈ, શ્રી હર્ષિતભાઈ** તથા એમની ટીમે ખૂબ જ મહેનત કરીને આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો. ૨૦૦ થી વધુ લોકોએ આનંદ માણ્યો હતો. હવે તો આપણી યુવા શક્તિ જાગૃત બની છે, ત્યારે આપણા સમાજના યુવાનોના માધ્યમથી આપણે પાટણ સમાજને આર્થિક દ્રષ્ટિએ સફળ અને સ્વાવલંબી બનાવ્યો છે તે માટે જેઓ સક્રિય રસ લઈને કાર્ય કરી રહ્યા છે તેવી મારી ટીમને અભિનંદન.

❇ **Super - Speciality Education** આપણે દરેકે પણ આપણા જીવનમાં શિક્ષણને મહત્વ આપવું જરૂરી છે. પરિવારનો ફક્ત એક સભ્ય પણ જે ઉચ્ચ શિક્ષણ મેળવી લે તો સમગ્ર પરિવારને તારી લે છે અને એ જ શિક્ષણ મેળવ્યા બાદ એનો પરિવારના અન્ય સભ્યો માટે ઉપયોગ કરે તો એના ફળ અગણીત થઈ સમાજને માટે લાભદાયક પૂરવાર થાય છે અને સમાજ સ્વાવલંબન થકી આત્મનિર્ભરના માર્ગ પર અગ્રીમ ક્રમમાં રહે છે.

દિન-પ્રતિદિન નવી ટેક્નોલોજીના કારણે વિશ્વમાં એક શાંત વૈચારિક તથા વૈજ્ઞાનિક ક્રાંતિ ચાલી રહી છે. Age of Information કદાચ પૂરી થવા આવી છે અને Age of creativity આવી રહી છે આ બધી હકીકતોને ધ્યાનમાં રાખીને એટલું તારણ કાઢી શકાય કે ભવિષ્યમાં ઉચ્ચ કક્ષાના શિક્ષણ વગર ચાલવાનું નથી. આપણા ચીલાચાલુ વેપાર-ધંધામાં તેઓનું મન નહીં લાગે, જો આપણા બાળકોને આપણે super speciality Education નહીં આપીએ તો ભવિષ્યની પ્રજા આપણને માફ નહીં કરે.

આ બધી હકીકતોને ધ્યાનમાં રાખીને **PJM Education Committee** દ્વારા સમાજના લોકોને નમ્ર વિનંતી છે કે બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર અને ચણતર માટે બને તેટલી આર્થિક સહાય કરવા તત્પર રહેશો.

"Measure of life is not its Duration but Donation"



**''આદર મળે કે ન મળે તેની કશી પરવા નથી,**
**તેમ ફળ મળે કે ન મળે તે જાણવા ઈચ્છા નથી,**
**કર્તવ્ય કરવા જન્મ આ દિન રાત તેમ રત રહી,**
**ઋણમુક્ત વિશ્વ થકી થવા કર્તવ્ય કરવું છે અહીં.''**



**અસ્તુ**




**વસ્તી પત્રક - વિમોચન**

# શિખરજી યાત્રા પ્રવાસ

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પરિવારો માટે સમેતશિખરજીની મહાયાત્રાનું ભવ્ય આયોજન કરવાનું નક્કી થયેલ છે જેના વિશાળ ખર્ચમાં સહાયક થવાના શુભ આશયથી નીચે મુજબના દાતાઓ તરફથી દાન નોંધાયેલ છે જેની ખૂબ ખૂબ અનુમોદના. હજી વધુ દાતાઓ આવકાર્ય છે.**



**રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-**

૧. શ્રી પંકજભાઈ નેમચંદ શાહ ( પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (અમદાવાદ)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (ઝવેરીવાડો)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંકમહેતાનો પાડો)

**ઘડિયાળ મળેલ છે :-** સન્મુખાનંદ હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન એક લેડીઝ વોચ મળેલ છે, જેનું હોય તેમણે ખાત્રી આપીને મંડળના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી લેવી. - શ્રી પાટણ જૈન મંડળ

**મંડળ દ્વારા અપાતી સહાય અને લોનની ગતિવિધિ (રકમ લાખમાં)**

Projections on Loans & Assistance
(Amounts in Rs. Lakhs)

| | Years 2021-2022 | Years 2022-2023 |
|---|---|---|
| Education | 114.34 Lakh | 124.33 Lakh |
| Medical | 96.50 Lakh | 161.09 Lakh |
| Jivan Nirvah | 58.10 Lakh | 128.57 Lakh |
| Total | 268.34 Lakh | 413.99 Lakh |

વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૪૦ થી ૫૦ ટકા વધારે કરવાની આશા છે.

## વાચકોનો પ્રતિભાવ

Patan on the path of prosperity. Shree Patan Jain Mandal under the leadership of Shri Daneshbhai has collected record breaking donations.

In the field of Education, Medical and for Economic upliftment we have gone with new directions. Recently seminar on Artificial Intelligence, Digital Marketing will give the exposure to new technological advances. I appeal all young friends to take the advantage of these activities and let us take Patan Samaj to new heights.

❑ **Deepak Raventilal Shah**
**Walkeshwar (Kanasano Pado)**

## મકાન વહેંચવાનું છે

**પાટણમાં ખેતરપાળ (પદમાવતી માતાજી) પાડામાં ફુલ માર્બલના ફ્લોરીંગ સાથેનું મકાન ગ્રેનાઇટથી બનેલ રસોડુ, વિશાળ હોલ, ૩ બેડરૂમ, ૩ બાથરૂમ, બે માળની અગાશી છે**

**સંપર્ક : શ્રી જયેશભાઇ શાહ 9892290456**

ADVT

## Plot For Sale

**Patan - Katakiya Wado**
**Plot For Sale**
**Area 40 Sq. Mtrs.**
**Contact :**
**Jatin Jhaveri : 9892743028**

ADVT

## તંત્રી સ્થાનેથી...

# શ્રેયાંસકુમાર દ્વારા આહારદાન – અક્ષય તૃતિયા



મુનિ શ્રી ઋષભદેવ સંયમ ગ્રહણ સમયે છ માસના ઉપવાસના પચ્ચકખાણની અવધિ પૂરી થયા બાદ તેઓ ભિક્ષાર્થે નીકળ્યા ને બીજા સાત માસ સુધી વિધિપૂર્વક આહાર ન મળતાં તેઓ તેર માસના ઉપવાસી થયા. ભિક્ષાર્થે પરિભ્રમણ કરતાં કરતાં એક દિવસ તેઓ કુરુક્ષેત્રના હસ્તિનાપુર નગરીની બહાર ઉદ્યાનમાં આવી પહોંચ્યા. આ હસ્તિનાપુર નગરીમાં બાહુબલિના પુત્ર સોમપ્રભ રાજાના યુવરાજનું નામ શ્રેયાંસકુમાર હતું જે દિવસે શ્રી ઋષભદેવ હસ્તિનાપુર નગરીના ઉદ્યાનમાં પ્રવેશ કરે છે તે જ રાત્રીના પાછલા પ્રહરમાં દિવસના સુપ્રભાતના પહેલા ભાગમાં શ્રેયાંસકુમારે આઠ ઉત્તમ સ્વપ્ન જોયાં. શ્રી જિનસેન આચાર્યએ મહાપુરાણમાં આ સ્વપ્નનો ઉલ્લેખ કર્યો છે.

(૧) ઊંચો સુમેરુ પર્વત (૨) સુશોભિત કલ્પવૃક્ષ (૩) કેસરી સિંહ (૪) વૃષભ (૫) સૂર્ય (૬) ચંદ્ર (૭) રત્નોથી ભરેલો સમુદ્ર (૮) અષ્ટ મંગલ દ્રવ્ય સિહત દેવોને જોયા.

તે જ રાત્રીએ નગર શ્રેષ્ઠિ સુબુદ્ધિએ પણ શ્રેયાંસકુમારની જેમ સ્વપ્નો જોયા. સૂર્યના હજારો કિરણો પોતાના સ્થાનેથી ચલિત થઈ રહ્યા છે, છૂટા પડી રહ્યા છે ત્યારે જ શ્રેયાંશકુમારે એ છૂટા પડેલા સૂર્યના કિરણોને પુનઃ સૂર્યમાં સ્થાપિત કરી દીધા. બાહુબલિના પુત્ર સોમપ્રભે પણ તેજ સમયે સ્વપ્નમાં જોયું કે એક મહાન પુરુષ શત્રુઓ સાથે યુદ્ધ કરી રહ્યો છે અને તે સમયે શ્રેયાંસકુમારે તેને સહાયતા કરી જેને કારણે શત્રુનું બળ નષ્ટ થઈ ગયું.

પ્રાતઃકાળ થતાં બધાએ સ્વપ્ન વિશે ચિંતન-મનન કરવા લાગ્યા. ચિંતનની ફળશ્રુતિ એ નીકળી કે શ્રેયાંસકુમારને કોઈ વિશિષ્ટ લાભ થવાનો છે અને શ્રેયાંસકુમારને હાથે કોઈ મહાન કાર્ય સંપન્ન થવાનું છે આ જ સમયે મુનિ શ્રી ઋષભદેવે હસ્તિનાપુર નગરમાં પ્રવેશ કર્યો. હસ્તિનાપુરની પ્રજા શ્રી ઋષભદેવનું રૂપ જોઈને હર્ષઘેલા બની ગયા અને પ્રભુના દર્શનાર્થે ઉમટવા લાગ્યા. શ્રી ઋષભદેવ રાજમહેલ તરફના ઘોરીમાર્ગ પર ઈર્યાસમિતિપૂર્વક ચાલતા આવતા હતા. હરપળે રાજ મહેલમાં આવી રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમારને વધામણી આપી કહ્યું કે, શ્રી ઋષભદેવ મહેલ તરફ ઘોરી માર્ગે ચાલ્યા આવે છે. દ્વારપાલના કથનો સાંભળતા જ તેઓ મહેલના દરવાજે આવ્યા. ત્યાં દૂરથી શ્રી ઋષભદેવને સામેથી પોતાના મહેલ તરફ આવતા જોયા. આંગણામાં અત્યંત ભક્તિભાવપૂર્વક શ્રી ઋષભદેવને પંચાગ પ્રણિપાત પ્રણામ કર્યા શ્રેયાંસકુમાર ભક્તિમાં ભાવવિભોર થઈ ગયા અને ભક્તિમાં ભ્રમણ કરતા તુરતજ તેમને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યુ, પૂર્વભાવમાં બે ચારણમુનિ મહારાજને નવધાભક્તિપૂર્વક આહારદાન કરેલું તે સમગ્ર પ્રસંગ સ્મૃતિપટ પર આબેહૂબ પ્રગટ થયો અને તેમ થતાં ભક્તિપૂર્વક શ્રી ઋષભદેવના કરપાત્રમાં ઈશુરસ સ્વીકારવા વિનંતી કરી... ''અમારા સહુનું કલ્યાણ કરો, મને ધન્ય બનાવો'' તેરમાસના ઉપવાસી શ્રી ઋષભદેવે હસ્તરૂપી રત્નપાત્ર ધર્યું. ઈશુરસથી પારણું કર્યું દેવોએ પંચદ્રવ્યો પ્રગટ કર્યા. અહોદાનમના ધ્વનિથી સમગ્ર આકાશ ગુંજી ઉઠ્યું. પરમ આનંદને દેનારી દેવ દુદુંભિનો દિવ્ય ધ્વની થયો, ૧ ૨ાા કરોડ સૌનેયાની વૃષ્ટિ થઈ. તે દિવસ હતો વૈશાખ સુદ ૩નો જે અક્ષયતૃતિયા (અખાત્રીજ) તરીકે આપણે સહુ જાણીએ છીએ.

સુપાત્ર દાન અને ગુરુની પૂજા શ્રાવકોનો મુખ્ય ધર્મ છે. શ્રી શ્રેયાંસકુમારના હસ્તે આ ચોવીસીમાં દાનધર્મની શરૂઆત થઈ

''ધન્ય હો શ્રેયાંસકુમારને ... જેઓએ દાનનું વિશેષ મહત્વ'' સમજાવતાં કહ્યું; ''દાનનો મહિમા અપાર છે દયા અને દાન જૈનધર્મનું મુખ્ય અંગ છે મોક્ષમાર્ગ તરફ વિચારનારા માટે પ્રભુની ભક્તિ અને સુપાત્રદાન એ બે મુખ્ય કર્તવ્યો છે દાનના ચાર પ્રકાર છે.''

૧. આહાર દાન ૨. ઔષધ દાન ૩. જ્ઞાન દાન અને ૪. અભયદાન.

''સવિ જીવ કરું શાસન રસી''ની વાત સાંભળીને ચક્રવર્તી ભરતનાં રોમેરોમમાં દાનધર્મનો પ્રભાવ પ્રસરી ગયો આ રીતે જૈન શાસનમાં દાનના આદ્ય પ્રણેતા શ્રી શ્રેયાંસકુમારનો જય જયકાર થયો. ત્યારથી વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ)ના દિવસે ઘડામાં ઈક્ષુરસ ભરીને વરસીતપના તપસ્વીઓને પારણુ કરાવવામાં આવે છે.

શ્રી પાટણ જૈન મંડળના સર્વે વરસીતપના આરાધકો સુખ-શાતામાં રહેજો તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના.

ઋષભદેવ ચારિત્ર

❑ ભારતી બી. શાહ

સંગીત જલસો

અદ્‌ભુત મ્યુઝિકલ પ્રોગ્રામ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત ''સંગીત જલસો'' કાર્યક્રમ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા જુન માસમાં બિરલા માતુશ્રી ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન પ્રમુખશ્રી દાનેશભાઈ દ્વારા થયેલ જાહેરાત અનુસાર સમાજના વધુમાં વધુ પરિવારજનો સંસ્થાના કાર્યક્રમમાં સહભાગી થઈ શકે તે માટે ભવિષ્યમાં એક ભવ્યાતિભવ્ય કાર્યક્રમ **સન્મુખાનંદ હોલ** ખાતે યોજવામાં આવશે. તદઅનુસાર સમાજના પરિવારોના સ્નેહમિલન તથા મનોરંજનની સાથોસાથ વર્ષ સને ૨૦૨૨-૨૩ના દરમ્યાન સંસ્થામાં રૂા. ૧૧ લાખથી અધિક રકમનું દાન આપનાર સખી દાતાઓના અભિવાન માટે **રવિવાર તા. ૯ એપ્રિલ ૨૦૨૩ના** દિને **''સંગીત જલસો''** કાર્યક્રમ યોજાયેલ.

આ ભવ્ય અને રંગારંગ કાર્યક્રમને સરળતાપૂર્વક પાર પાડવા તેના બન્ને કન્વીનરો તથા સંસ્થાના પ્રથમ ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ અરવીંદકુમાર શાહ તથા ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ** દ્વારા પોતાના કિમતી સમયનો ભોગ આપતા નાનામાં નાની વસ્તુઓને ધ્યાનમાં લઈ તેમની યુવા ટીમના સાથ અને સહકાર દ્વારા તેને ચરિતાર્થ કરવામાં સિંહફાળો રહ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના વિશાળ ખર્ચને પહોંચી વળવા નીચે મુજબના સખી દાતાઓનું આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ જે બદલ તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ પરિવાર (માટલીવાળા) (કનાસાનો પાડો)**
**શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)**
**એક શુભેચ્છક**
**શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)**
**શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ પરિવાર (સાલવી વાડો)**
**શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ પરિવાર (પોળની શેરી)**
**શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)**

આ પ્રસંગે સમાજના પરિવારજનોના મનોરંજન અર્થે યોજાયેલ **''સંગીત જલસો''** કાર્યક્રમ એટલે **'અમીત જાધવ'** દ્વારા પોતાના કંઠે રજુ થયેલ નવા-જુના ગીતોની રસલ્હાણ! સાથોસાથ **LED સ્ક્રીન** પર થતા ડિજીટલ નૃત્યના એકપણ સ્ટેપ ચૂક્યા વિના કદમથી કદમ મિલાવતા મનમોહક નૃત્યો થકી સહુ મસ્તીમાં

શ્રી સોનીર મહેન્દ્રભાઈ શાહ
શેક્સોફોન પ્લેયર








ડુબી ગયા, તેમના શૂરતાલમાં ગવાતા ગીતોની મસ્તીમાં ઝૂમી ઉઠ્યા, નવા જૂના ગીતોની વહેતી લયમાં એકતાન બની ગયા, વન્સ મોર વન્સમોરના નારાઓ મુખેથી સરી પડ્યા. આ રંગારંગ કાર્યક્રમ ઉપસ્થિત દરેકની મનોમસ્તિકમાં એક નઝરાણું બની ચિરકાળ પર્યતનું સંભારણું બની રહેશે.

**'અમીત જાધવ'** એટલે મલ્ટી સ્ટાર વર્ષેટાઈલ સીંગર જેની કળાની **સોનુ નીગમ, અમીતાભ બચ્ચન, કવિતા ક્રિષ્નમૂર્તિ** તથા આશાદીદી જેવા મોટા ગજાના કલાકારો દ્વારા પ્રસંશા કરવામાં આવે છે. હાલમાંજ ઓસ્કર વિજેતા **RRR** ફિલ્મનું નાચો નાચો ડાન્સ એ અમીત જાધવની બહુમુખી પ્રતિભા દર્શાવી. તેના મુખે હિન્દી ગીતોની રંગત તો મજાની રહેજ સાથોસાથ ગુજરાતી ગીતોની પ્રસ્તુતી પણ પ્રસંશાને પાત્ર બની રહેલ.

કાર્યક્રમ દરમ્યાન કેશુશેઠના પાડાના **શ્રી સોનીર મહેન્દ્રભાઈ સાંડેસરા** દ્વારા સેકસોફોન ઉપર બે ગીતોની સંગીતબદ્ધ રજૂઆત દ્વારા અત્રે ઉપસ્થિત જનમેદનીના મન મોહી લીધા. તો **શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ** દ્વારા પણ કાર્યક્રમને અનુરૂપ ''જાદુ... તેરી નજર'' રજુ કરી શ્રોતાજનોની પ્રસંશા મેળવી હતી.

ગીતનો એક અંતરો રજૂ કરી સહુને મંત્રમૂગ્ધ બનાવી વાહ વાહ મેળવી. લખિયારવાડાના **શ્રી મુકેશભાઈ ગુલાબચંદ ઝવેરી**ની **સુપુત્રી ચિ. નેહા** દ્વારા આશા ભોસલેને કંઠે ગવાયેલ ગીતનો એક અંતરો રજુ કરી તાળીઓના ગડગડાટ સાથે વન્સમોરનો સુંદર પ્રતિસાદ મેળવ્યો.

**''સંગીત જલસો''** કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ એટલે **શ્રીમતી કેતકીબેન** સાથે મંચ ઉપર નૃત્ય કરતાં સંસ્થાના યુવાન **પ્રમુખ શ્રી દાનેશભાઈ !**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સહુ પરિવારોને સંસ્થાની નિકટ લાવવાના સતત પ્રયત્નો થઈ રહ્યા છે. જરૂરિયાતમંદ પરિવારજનોની આર્થિક અગવડતા અને વધતી જતી મોંઘવારીના પરિણામે શૈક્ષણિક-મેડિકલ ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વધતું



રહ્યું છે. સાથોસાથ જીવન ગુજરાન માટે અનેક વિટંબણાનો સામનો કરવો પડે છે, તેવા સંજોગોમાં સ્વાભાવિક પણે સહુની દ્રષ્ટિ આપણી માતૃસંસ્થા તરફ જ દોરાય અને સંસ્થા દ્વારા પણ શક્યતઃ તેવા સહુ પરિવારજનોની માંગણી વધુમાં વધુ સંતોષી શકાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

સને ૨૦૨૨-૨૩ના વર્ષથી **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)**ના પ્રમુખપદે નવી વરાયેલ ટીમ દ્વારા જે તે ક્ષેત્રે ઉત્સાહભેર કાર્યોનો આરંભ કરી દીધો છે, જેમાં **પ્રોગ્રામ, યુથ એમ્પાવરમેન્ટ, વુમન્સ એમ્પાવરમેન્ટ, શિક્ષણ, જીવન સૌરભ, જીવન મહેક** જેવી સમિતિઓ દ્વારા સમાજલક્ષી કાર્યક્રમો આપી સમાજના પરિવારજનો સાથે સુમેળ સાધવામાં સફળતા મેળવેલ છે, તો **મેડિકલ સમિતિએ** નૂતન વિમા પોલીસી યોજના મારફત મેડિકલ ખર્ચમાં શક્યતઃ વધુમાં વધુ સહાયક થવાનો કાર્ય આરંભેલ છે.

**ઈકોનોમીક અપ્લીફ્ટમેન્ટ કમિટિ** દ્વારા સહારા સ્ટાર ખાતે વિશાળ પાયે ટ્રેડફેરનું આયોજન કરી લગભગ ૫૫૦૦ મુલાકાતીઓને આકર્ષવામાં સફળતા મેળવી છે.

સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા **''નૂતન જીવન નિર્વાહ યોજના''**નો શુભારંભ કરી આર્થિક ધોરણે સમાજના પરિવારોને સહાયક થવા લગભગ એક કરોડનું માતબર દાન મેળવવામાં જ્વલંત સફળતા હાંસલ કરેલ છે. **''સમાજ ઉત્કર્ષ ભેટ''** ખાતે વાર્ષિક રૂા. નવ લાખના દાન માટે સત્તર દાતાઓ પાસેથી આર્થિક સહયોગ મળેલ છે, આ ઉપરાંત માત્ર **૧.૨૫ લાખનું** દાન આપી સમાજને વધુમાં વધુ સહાયક થઈ શકાય તેવા સમાજના દરેક સ્તરના કુટુંબો મંડળના દાતા દરેક સ્તરના કુટુંબો મંડળના દાતા બને તેવી ભાવનાથી શરૂ કરેલ અભિગમ સાથેની ટહેલમાં એકસોથી અધિક દાતાઓએ જોડાઈ સમગ્ર હોદ્દેદારો તથા કાર્યકર્તાઓના જુસ્સો બમણો કરવામાં નિમિત્ત બન્યા છે.

સમાજના સહુ પરિવારજનો માટે પાલિતાણા પ્રવાસ, સિનિયર સિટિઝનો માટે મહાવીરધામ - લોઢાધામ પ્રવાસ તથા યુવા વર્ગ માટે આયુષ રિસોર્ટની સલેહગાહના પણ આયોજનનોને ભવ્ય સફળતા સાંપડેલ છે.

પાટણ ખાતે કાર્યરત **એન.એસ. પ્રાથમિક શાળાનું મકાન જર્જરીત થઈ ગયેલ હોય પાયાથી અદ્યતન સુવિધાયુક્ત લગભગ પાંચ કરોડની લાગતનું નૂતન મકાન નિર્માણ પ્રોજેક્ટ** સમાજ સમક્ષ રજુ કરતા દાનવીરોએ અત્યાર સુધી ત્રણ કરોડના દાનના વચનો આપી દાનની ઝોળી છલકાવી દીધી છે.

બીજી તરફ ગોરેગામ જેવા સમૃદ્ધ પરા વિસ્તારમાં શહેરના મુખ્ય માર્ગ ઉપર લગભગ ત્રેવીસ કરોડના અંદાજીત ખર્ચ સાથે સાર્વજનિક મેડિકલ હેલ્થ સેન્ટરનો આરંભ કરવાનો પ્રોજેક્ટ સમાજ સમક્ષ રજુ કરવામાં આવતા તેને ઉત્સાહજનક પ્રતિસાદ રૂપે સેન્ટર સાથે સુપુત્ર સૌરભનું નામ જોડવાની શરતે શ્રી હરેશભાઈ બાબુલાલ શાહે રૂા. સવા પાંચ કરોડનું દાન પ્રાપ્ત થયેલ છે તેમજ શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)નું નામકરણ કરવા રૂા. દોઢ કરોડના દાન આપવા સમાજના બે સખીદાતાઓ દ્વારા જાહેરાત કરવામાં આવતા જ સમગ્ર સંસ્થાની કાર્યકર ટીમનો ઉત્સાહ સંસાર અનેકગણો વધી જવા પામેલ છે.

**''ટીપે ટીપે સરોવર ભરાય''** તે યુક્તિને સાર્થક કરતા સને ૨૦૨૨-૨૩ના માત્ર એકજ વર્ષ દરમ્યાન **મેડિકલ - એજ્યુકેશન - સમાજ ઉત્કર્ષ વિદ્યાલય તથા મેડિકલ હેલ્થ** સેન્ટર પ્રોજેક્ટ ખાતે મળી કુલ **રૂા. ૨૦ કરોડથી વધુ દાનનો પ્રવાહ** સંસ્થા તરફ વાળવામાં યશસ્વી બન્યા છીએ જેનો સંસ્થાને સદાય ગર્વ રહેશે. આ અનન્ય, અકલ્પનીય અને અદભૂત ઉપલબ્ધિ બદલ સમાજના સર્વે સખીદાતાઓ પ્રત્યે આદરસહ આભાર ભાવ વ્યક્ત કરતા અત્યંત હર્ષની લાગણી અનુભવાય છે.

સંસ્થાની દરેક પ્રવૃત્તિઓ આવા જ ઉદારદિલ દાનવીર દાતાઓના આર્થિક યોગદાનને પરિણામે જ સફળતાપૂર્વક થતી રહે છે, જેથી સમાજના પરિવારજનોને મનોરંજનનો રસથાળ પિરસવાની ભાવના સાથે યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના દરેક દાનવીરોનું યથાયોગ્ય







જાહેર સન્માન કરવાનું એક ફરજ બની રહે છે. અગિયાર લાખથી રૂા. સવા પાંચ કરોડનું દાન આપનાર નીચે જણાવ્યાનુંસારના લગભગ ૩૧ દાતાઓને સંસ્થાના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, ઉપપ્રમુખો શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, ટ્રસ્ટીઓ શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ, શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, ભૂતપૂર્વ પ્રમુખો શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ તથા શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ, શ્રી હીતેશભાઈ જશવંતલાલ શાહ, કોષાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ, શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી હેમાંગભાઈ કીરીટભાઈ શાહ** ઈત્યાદી તેમજ વિવિધ સમિતિઓના માનદમંત્રીઓ તથા સભ્યોના વરદહસ્તે આજના અવસરે અભિવાદન કરવામાં આવેલ હતું. સાથોસાથ દાતાશ્રીઓના પરિવારજનોને મંડળની સ્મૃતિરૂપે સુંદર 'બેગ' આપી આદરભાવ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત સંસ્થા સાથે ત્રણ દાયકાથી અધિક સમયથી સંકળાઈ તન-મન-ધનથી સંનિષ્ઠ સેવાઓ પ્રદાન કરનાર સંસ્થાના માનદમંત્રી (ફાઈનાન્સ) **શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ,** લગભગ સાત દાયકાથી અધિક સંસ્થાના નાણાંકીય વ્યવહારનું ઓડીટ કાર્ય કરનાર મે.જી.એમ. કાપડિયાના પાર્ટનારો **શ્રી રાજેનભાઈ આશર, શ્રી હીતેશભાઈ ત્રિવેદી,** સંસ્થાને FCRA પ્રમાણપત્ર પ્રાપ્ત થયેથી આજ પર્યંત લગભગ બે દાયકાથી ફાઈનાન્સ મીનીસ્ટ્રીમાં સંસ્થાના વિદેશથી પ્રાપ્ત થયેલ નાણાંકીય હિસાબોનું ઓડીટ કરનાર **શ્રી વિપીનભાઈ બટાવીયા** તથા પાટણ ખાતે કાર્યરત આટ્ર્સ, સાયન્સ અને કોમર્સ કોલેજના હિસાબોનું આંતરિક ઓડીટ કરતા **શ્રીમતી નિમીષાબેન પારેખ** તેમજ સંસ્થા દ્વારા સંચાલિત ભો.દો.સા.ના આચાર્ય **શ્રી બળદેવભાઈ દેસાઈનું** પણ રજત પ્રમાણપત્ર પ્રદાન કરી અભિવાદન કરવામાં આવેલ.

શ્રી પાટણ જૈન મંડળ ખાતે સળંગ ૬૨ વર્ષથી એકધારી સેવાઓ - ફરજ અદા કરતા સંનિષ્ઠપણે મેનેજર **શ્રી મનુભાઈ જોષી**ની દીર્ઘ સેવાઓને બિરદાવતા સંસ્થાના **પ્રમુખશ્રી દાનેશભાઈના** વરદ હસ્તે **રજત સ્મૃતિચંદ્રક** એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

ટીકીટ ફાળવણી જેવા ભગીરથ કાર્યમાં માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, માનદમંત્રી આઈટી શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહ તથા માનદમંત્રી પ્રોગ્રામ શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ** દ્વારા પણ દિવસ-રાતના અથાગ પરિશ્રમ અનન્ય અને અનુમોદનીય રહ્યું હતું.







**''સંગીત જલસો''** કાર્યક્રમ દરમ્યાન યોજાયેલ બુફે ડીનરની વ્યવસ્થામાં પણ ઉપસ્થિત જન સમુહને ઓછામાં ઓછી અગવડતા થાય તેવા શુભ આશયથી ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ત્રણ, પ્રથમ અને બીજે માળે એક-એક મળી કુલ પાંચ કાઉન્ટરો ગોઠવવામાં આવ્યા હતા. અત્રે ચોવિહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. આ કેટરીંગ વ્યવસ્થામાં **શ્રી મેહુલભાઈ નવીનચંદ્ર શાહ, શ્રી મીલનભાઈ વિપિનચંદ્ર શાહ, શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી ગીરવાણભાઈ દિલીપભાઈ શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ, શ્રી ચિરાગભાઈ ચંદ્રકાંત શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રી સંજયભાઈ ભરતભાઈ શાહ, શ્રી પંકજભાઈ શાહ, શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ, શ્રી વિક્રમભાઈ હરગોવિંદભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી મયુર સુરેશચંદ્ર જૈન તથા શ્રી જિગરભાઈ ગિરીશભાઈ શાહ** દ્વારા ઉલ્લેખનિય સહયોગ પ્રાપ્ત થયો હતો.

આટલો ભવ્ય સમારંભ હોય તો બેક સ્ટેજનું કામ પણ વિશેષ પ્રમાણમાં હોય તેમાં માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ, શ્રી હીતેશભાઈ જશવંતલાલ શાહ, શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ, શ્રી મીતેશભાઈ સુરેશચંદ્ર શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ, શ્રીમતી પ્રિતી નિલેશભાઈ શાહ, શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ શાહ** દ્વારા મળેલ સહયોગ સરાહનીય રહ્યો હતો.

દાતાઓના અભિવાદન સમયે **LED** ઉપર પ્રસાર થનાર દાતાઓના નામ તથા દાનની રકમ, પાટણનો મહોલ્લો ઈત્યાદી પાવર પોઈન્ટ પ્રેઝનટેશન માટે ડિજીટલ ટીમના સભ્યોની સાથોસાથ સંસ્થાના કર્મચારી **શ્રીમતી પ્રિયાબેન રોમીલભાઈ શાહ** તરફથી પણ સક્રિય સહયોગ પ્રાપ્ત થયો છે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પ્રથમ વખત જ દક્ષિણ મુંબઈના બદલે મધ્ય મુંબઈ સાયન ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સમાજનો નાનામાં નાનો માણસ પણ ઉત્સાહભેર જોડાઈ શકે, તેવા શુભ આશયથી મરીનડ્રાઈવ, ગોરેગામ, કાંદિવલી, બોરીવલી (ઈસ્ટ-વેસ્ટ), ભાયંદર તથા વસઈ ખાતેથી  બસ દ્વારા લાવવા-મુકવા મંડળ દ્વારા બસ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં **શ્રી સૌરભ ચંદ્રકાંત નગરશેઠ, શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ, શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રી જીગરભાઈ ગિરીશભાઈ શાહ, શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ** વગેરે દ્વારા સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ.

દાતાઓના અભિવાદન માટે દરેક પરિવારના સદસ્યો પાસેથી અગાઉથી મેળવેલ નામોની માહિતીના આધારે તેઓના પરિવારજનોને સન્માન ક્રમાંક આપવામાં આવ્યા હતા અને તે અનુસાર તેઓને ક્રમાનુસાર નામ જાહેર થાય તે પૂર્વે બેક સ્ટેજ ખાતે મંડળના કાર્યકરો દ્વારા લઈ આવવાની આયોજનબદ્ધ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેમાં **શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર, શ્રી નિલયભાઈ નરેન્દ્રભાઈ શાહ, શ્રી રોહનભાઈ મુકેશભાઈ શાહ, શ્રી કરણભાઈ શાહ, શ્રી નિધીબેન કરણભાઈ શાહ** ઈત્યાદિ દ્વારા સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

દાતાશ્રીઓ માટે રજત સન્માન પત્ર - ખૂબજ ટૂંક સમયમાં તૈયાર કરાવવાનો સર્વ શ્રેય માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન **શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ**ને ફાળે જાય છે. કાર્યક્રમની જાહેરાતના પ્રથમ તબક્કામાં **શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી** દ્વારા સહકાર પ્રાપ્ત થયેલ હતો.

કાર્યક્રમના પ્રારંભમાં ઉષ્માભર્યા આવકાર આપતા **શ્રી જનકભાઈ** દ્વારા ચાલુ વર્ષમાં વિવિધ ક્ષેત્રે પ્રાપ્ત થયેલ દાન અંગેની ટૂંકમાં માહિતી આપવામાં આવી હતી. તેમજ અંતમાં આભારવિધિ **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** દ્વારા કરવામાં આવેલ, સમગ્ર કાર્યક્રમનું તબક્કાવાર સંચાલન **શ્રી દેવેશભાઈ, શ્રી ભાવીકભાઈ, શ્રી રાજેન્દ્રભાઈ, શ્રી રોહીતભાઈ, શ્રીમતી અલ્પાબેન,** ઈત્યાદિ દ્વારા કરવામાં આવેલ. તેમજ વર્ષ



દરમ્યાન થયેલ વિવિધ કાર્યક્રમોની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમ્યાન પ્રમુખ સ્થાનેથી **શ્રી દાનેશભાઈ** દ્વારા સંસ્થાની દરેક વર્તમાન સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓ તથા ભાવિ પ્રોજેક્ટ વિશેની ટૂંકમાં મુદ્દાસર માહિતી પ્રદાન કરી હતી.

આ અવસરે **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા આઠમાં વસ્તી પત્રક પ્રકાશન અંગે ટૂંકમાં માહિતી આપવા સાથે સમગ્ર ડિજીટલ ટીમની કામગીરી સહ સંસ્થાના કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત થયેલ સહયોગના પરિણામે સફળતા પૂર્વક પૂર્ણ થયેલ આ ભગિરથ કાર્ય બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વસ્તી પત્રક આવૃત્તિ - ૮નું સંસ્થાના મંચસ્થ મહાનુભવોની ઉપસ્થિતિમાં આજે સંસ્થાના **પ્રમુખશ્રી દાનેશભાઈના** વરદ હસ્તે વિમોચન કરવામાં આવેલ. ત્યારબાદ સંપૂર્ણ ડિજીટલ ટીમના સભ્યોને મંચ ઉપર બોલાવી તેઓ દ્વારા થયેલ ઉત્કૃષ્ટ કાર્યની અનુમોદના કરવામાં આવેલ.

આ પ્રસંગે જલસો કર્યક્રમની જાહેરાતથી કાર્યક્રમની પૂર્ણાહુતી પર્યંત સખત જહેમત લઈ અને સક્રીય રસ લઈ કાર્યક્રમોની સફળતાના સહભાગી એવા શ્રી પાટણ જૈન મંડળના મેનેજર **શ્રી મનુભાઈ જોષી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા, શ્રી જયંતિભાઈ દેસાઈ, શ્રીમતી પ્રિયાબેન, શ્રી ધનરાજભાઈ,** વસ્તી પત્રક કાર્ય વ્યવસ્થામાં સહાયક થનાર **શ્રીમતી સુશિલાબેન પાટડિયા, શ્રી ભુપેન્દ્રભાઈ શાહ** દ્વારા શ્રેષ્ઠ સહકાર પ્રાપ્ત થયલ છે જે બદલ તેઓ પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

અંતમાં અત્રે ખાસ ઉલ્લેખનિય રહેશે કે સાયન ખાતેના ખચોખચ માનવ મેદની સાથેના સન્મુખાનંદ હોલમાં યોજાયેલ જલસો કાર્યકમની સફળતા સંસ્મરણો **''અમીત જાધવ''ના** ગીતો તથા નૃત્યની પ્રસંશા, દાતાઓના અભિવાદનને બિરદાવતા સમાજના અનેક ભાઈ-બહેનો તરફથી ફોન કોલ તથા વોટ્સએપ મેસેજ સતત આવતાંજ રહ્યા છે જે આ કાર્યક્રમની સંપૂર્ણ સફળતાની યશોગાથાની સાક્ષી પૂરી રહ્યા છે.

અને છેલ્લે આ સમગ્ર કાર્યક્રમમાં સીધી કે આડકતરી રીતે કાર્યમાં સહાયક થનાર નામી અનામી સર્વે પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.




ડિજીટલ ટીમના સભ્યો

# સને ૨૦-૨૩ દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળમાં રૂપિયા અગિયાર લાખથી વધુ રકમની દાન આપનાર દાતાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ પરિવાર | (વખતજીની શેરી) | ૫.૨૫ કરોડ |
| ૨. | શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) | (કનાસાનો પાડો) | ૨.૩૨ કરોડ |
| ૩. | શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ | (વડોદરા) | ૧.૭૧ કરોડ |
| ૪. | ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર | (ભાભાનો પાડો) | ૫૧ લાખ |
| ૫. | શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર | (કેશુશેઠનો પાડો) | ૪૮.૭૫ લાખ |
| ૬. | શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર | (કુંભારીયા પાડો) | ૪૦ લાખ |
| ૭. | શ્રી અતુલભાઈ ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર | (અબજી મહેતાનો પાડો) | ૩૧ લાખ |
| ૮. | શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ પરિવાર | (ઢંઢેરવાડો) | ૩૧ લાખ |
| ૯. | શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ અને શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ પરિવાર (ઝભલાવાળા) | (મહાદેવાજીની શેરી) | ૩૧ લાખ |
| ૧૦. | શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ પરિવાર (ઝભલાવાળા) | (મહાદેવાજીની શેરી) | ૩૧ લાખ |
| ૧૧. | શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ પરિવાર | (કપુર મહેતાનો પાડો) | ૩૦ લાખ |
| ૧૨. | બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ, વાલકેશ્વર | (મુંબઈ) | ૨૫ લાખ |
| ૧૩. | શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ પરિવાર | (પોળની શેરી) | ૨૪.૫૦ લાખ |
| ૧૪. | બાબુ પનાલાલ પુનમચંદ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હર્ષભાઈ અને પરિવાર | (ખજુરીનો પાડો) | ૨૨ લાખ |
| ૧૫. | શ્રી જે.કે. શાહ પરિવાર | (ભાભાનો પાડો) | ૨૧ લાખ |
| ૧૬. | શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ પરિવાર | (ઢંઢેરવાડો) | ૨૦ લાખ |
| ૧૭. | શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી) પરિવાર | (સાલવી વાડો) | ૧૭ લાખ |
| ૧૮. | ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરી પરિવાર | (બ્રાહ્મણવાડો) | ૧૫ લાખ |
| ૧૯. | શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર | (પોળની શેરી) | ૧૫ લાખ |
| ૨૦. | શ્રી સુરેશભાઈ હિમ્મતલાલ શાહ પરિવાર | (શામળાજીની શેરી) | ૧૩.૫૦ લાખ |
| ૨૧. | શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર | (વખતજીની શેરી | ૧૨.૨૫ લાખ |
| ૨૨. | શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર | (મનમોહનજીની શેરી) | ૧૨ લાખ |
| ૨૩. | શ્રી પંકજભાઈ નેમચંદ શાહ પરિવાર | (પોળની શેરી) | ૧૧.૨૫ લાખ |
| ૨૪. | શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા પરિવાર | (કેશુશેઠનો પાડો) | ૧૧.૨૫ લાખ |
| ૨૫. | શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ પરિવાર | (કપુરમહેતાનો પાડો | ૧૧ લાખ |
| ૨૬. | શ્રીમતી નીલાબેન અશોકભાઈ શાહ પરિવાર | (કનાસાનો પાડો) | ૧૧ લાખ |
| ૨૭. | શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર | (અબજી મહેતાનો પાડો) | ૧૧ લાખ |
| ૨૮. | શ્રી બીપીનચંદ્ર રમણલાલ ઝવેરી (રાણીવાળા) પરિવાર | (ખડાખોટડીનો પાડો) | ૧૧ લાખ |
| ૨૯. | શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી પરિવાર | (કુંભારીયા પાડો) | ૧૧ લાખ |
| ૩૦. | શ્રી મુકેશભાઈ ગુલાબચ ઝવેરી પરિવાર | (લખિયારવાડો) | ૧૧ લાખ |
| ૩૧. | શ્રીમતી સુશિલાબેન કાંતિલાલ સાલવી પરિવાર | (સાલવી વાડો) | ૧૧ લાખ |




શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ પરિવારનું સન્માન કરતા પ્રમુખશ્રી દાનેશભાઈ શાહ તથા શ્રીમતી કેતકીબેન શાહ



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવારનું સન્માન કરતા શ્રી જશવંતભાઈ શાહ તથા શ્રીમતી સુરેખાબેન શાહ




ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહ તથા શ્રીમતી સુરેખાબેન શાહ પરિવારનું સન્માન કરતા પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહ તથા શ્રીમતી ભાવીનીબેન શાહ




શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવારનું બહુમાન કરતા ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ



શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર તરફથી બહુમાન સ્વીકારતા શ્રી ભરતભાઈ નેમચંદ શાહ તથા શ્રી સમીરભાઈ જયંતિભાઈ શાહનુ સન્માન કરતા શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ




શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ પરિવારનું સન્માન કરતા ટ્રસ્ટી શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ તથા શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ



શ્રી અતુલભાઈ ચંદ્રકાંતભાઈ શાહ પરિવારનું બહુમાન કરતા શ્રી સંજયભાઈ ભરતભાઈ શાહ



શ્રી ધીરૌનભાઈ જયંતિલાલ શાહ અને શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) પરિવારનું સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી



શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ પરિવાર તથા શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહનું બહુમાન કરતા ભૂતપૂર્વ પ્રમખો શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ તથા શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ



શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) પરિવારનું સન્માન કરતા શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ



બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલના ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું બહુમાન કરતા ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ વિમાવાળા તથા શ્રીમતી શિલ્પાબેન શાહ



શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ પરિવારનું બહુમાન કરતા માનદમંત્રી શ્રી દેવેશભાઈ શાહ અને નિલેશભાઈ શાહ



બાબુ પનાલાલ પુનમચંદટ્રસ્ટના ટ્રસ્ટીનું બહુમાન કરતા ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ




શ્રી જે.કે. શાહના ધર્મપત્ની શ્રીમતી રાજેન્દ્રાબેન શાહનું બહુમાન
કરતા પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહ તથા
શ્રીમતી ભાવીનીબેન શાહ



શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ પરિવારનું બહુમાન કરતા
ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ શાહ તથા શ્રીમતી તૃપ્તિબેન શાહ



ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી) પરિવારનું
બહુમાન કરતા માનદમંત્રી શ્રી અમીતભાઈ શાહ તથા
શ્રીમતી દીનાબેન શાહ



ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરી તથા
શ્રીમતી ભારતીબેન ઝવેરીનું બહુમાન કરતા
માનદમંત્રી શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહ



શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવારનું
માનદમંત્રી શ્રી નિખીલભાઈ બેન્કર



શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવારનું બહુમાન
કરતા શ્રી ભાવિકભાઈ શાહ




શ્રી સુરેશભાઈ હિમ્મતલાલ શાહ પરિવારનું બહુમાન કરતા મેડિકલ સેક્રેટરી શ્રી દિનેશભાઈ શાહ તથા શ્રીમતી સુધાબેન શાહ




શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવારનું બહુમાન કરતા સ્પોર્ટ્સ સમિતિના સેક્રેટરી શ્રી વિનેશભાઈ શાહ તથા શ્રીમતી અલ્પાબેન શાહ અને શ્રી કેતનભાઈ શાહ



શ્રી પંકજભાઈ નેમચંદ શાહ પરિવારનું બહુમાન કરતા ફાઈનાન્સ સેક્રેટરી શ્રી જ્યોતિન્દ્રભાઈ શાહ તથા શ્રીમતી દીનાબેન શાહ



શ્રીમતી સુશિલાબેન કાંતિલાલ સાલવી પરિવારનું બહુમાન કરતા ઉપપ્રમુખ શ્રી હિતેભાઈ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન શાહ અને શ્રી નિલેશભાઈ શાહ



શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા પરિવારનું બહુમાન કરતા મેડિકલ સેક્રેટરી શ્રી નિખીલભાઈ શાહ તથા શ્રીમતી મીનાબેન શાહ




શ્રીમતી નીલાબેન અશોકભાઈ શાહ પરિવારનું બહુમાન કરતા
શ્રી હેમંતભાઈ શાહ




શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન
પ્રકાશભાઈ શાહ પરિવારનું બહુમાન કરતા પ્રથમ ઉપપ્રમુખ
શ્રી જનકભાઈ શાહ તથા શ્રીમતી ભાવીનીબેન શાહ



શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી પરિવારનું બહુમાન
કરતા ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ



શ્રી મુકેશભાઈ ગુલાબચંદ ઝવેરી પરિવારનું બહુમાન કરતા
પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહ તથા શ્રીમતી ભાવીનીબેન શાહ



સંસ્થાના માનદમંત્રી શ્રી શૈલેષભાઈનું સન્માન કરતા
પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ તથા શ્રી હેમાંગભાઈ શાહ



મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશીનું સન્માન કરતા
પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ




શ્રી ભો.દો.સા વિદ્યાલયના આચાર્યશ્રી બળદેવભાઈનું સન્માન કરતા
શ્રી દાનેશભાઈ શાહ તથા શ્રી રાજેન્દ્રભાઈ શાહ



મંડળના FCRA ઓડિટર્સ શ્રી વિપીનભાઈ બટાવીયાનું
સન્માન કરતા પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ



કોલેજના ઈન્ટરનલ ઓડિટર્સ શ્રીમતી નિમિષાબેનનું
સન્માન કરતા શ્રીમતી કેતકીબેન શાહ



મંડળના ઓડિટર્સ જી.એમ. કાપડીયાના પાર્ટનર્સ શ્રી રાજનભાઈ આસર
તથા શ્રી હિતેશભાઈ ત્રિવેદીનું સન્માન કરતા શ્રી શૈલેષભાઈ શાહ

# પરિવાર પરિચય - વસ્તી પત્રક આવૃત્તિ - ૮નું પ્રકાશન




ભવ્ય અને ભાતીગળ ઈતિહાસ ધરાવતી, આપણા વડવાઓ દ્વારા સ્થાપિત માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ એકસો દસ વર્ષની મંઝિલ સફળતા પૂર્વક પાર કરી સમાજ સેવા યજ્ઞ લઈ સતત આગળ ધપી રહી છે.

માતૃ સંસ્થા આજે દેશના ખુણે ખુણે વસેલા પટ્ટણીઓ માટે સમાજ ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સતત સંપર્કમાં રહેતી આવી છે આવીજ પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ એટલે વસ્તી પત્રક જેનું છેલ્લા ૫૦ વર્ષથી પ્રકાશન થઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૨૨માં નવી મેનેજીંગ કમિટિની રચના થતાં જ ઉત્સાહી **યુવા પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળાએ** સામાજીક પ્રવૃત્તિઓના શુભારંભે સમાજને અત્યંત ઉપયોગી એવું વસ્તીપત્રક પ્રકાશનનું કાર્ય આરંભ્યું. આ વસ્તી પત્રકનું તા. ૯ એપ્રિલના રોજ વિમોચન થતાંજ વિતરણ કાર્ય શરૂ થઈ ગયું છે, જે નીચે જણાવેલ સ્થળ પરથી આપ મેળવી શકશો.

આ વસ્તી પત્રક પ્રકાશનના ખર્ચને પહોંચી વળવા એડર્વટાઈઝમેન્ટ (જાહેરાતો) દ્વારા ફંડ ઊભુ કરાયુ છે. આવા સમાજ લક્ષીય આયોજનમાં એડર્વટાઈઝમેન્ટ આપી જે પટણી પરિવારોએ આર્થિક સહયોગ આપ્યો છે, તેઓ સર્વ પ્રતિ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

વસ્તી પત્રકનું સુંદર રીતે પ્રિન્ટીંગકામ **શ્રી નિતીનભાઈ બદાણી** - અરિહંત પ્રીન્ટીંગ પ્રેસ (ઘાટકોપર) દ્વારા સમયસય પૂરું કરી આપેલ છે, તે બદલ તેઓશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

સર્વાંગી સમાજની સંપૂર્ણ પારિવારિક માહિતી ધરાવતા આ પરિવાર પરિચય ગ્રંથ સમાજને ઘણો ઉપયોગી બનશે એવો અમારો વિશ્વાસ છે. આ ઉપરાંત વસ્તી પત્રક પ્રકાશનમાં સહયોગ આપનાર સંસ્થાના હોદ્દેદારો, વસ્તી પત્રક સમિતિ, મેનેજીંગ કમિટીના સભ્યો, દરેક મહોલ્લાના ટ્રસ્ટીશ્રીઓ સંસ્થાના સંનિષ્ઠ કર્મચારીગણ તથા નામી અનામી સર્વ સભ્યોને બિરદાવતા તેઓ પ્રત્યે આભાર વ્યક્ત કરે છે

### અગત્યની નોંધ

વસ્તી પત્રકમાં છપાયેલ પારિવારીક મેટર સમાજના પરિવારોએ મોકલાવેલ ફોર્મ આધારીત છાપેલ છે
ફોર્મમાં લખેલ માહિતીના અક્ષર નહીં સમજાતા કદાચ કોઈ ક્ષતી રહી ગઈ હોય તો તે બદલ ક્ષમા પ્રાર્થી છીએ.
આપના પરિવારની છપાયેલ વિગતમાં કોઈ ક્ષતી રહી હોય તો અમોને મંડળના કાર્યાલયમાં સુધારો કરી વિગત લેખિતમાં મોકલવા વિનંતી છે, જેથી પ્રતિબિંબમાં સુધારો આપી શકાય.

**- વસ્તી પત્રક સમિતિ**

**વસ્તીપત્રક વિતરણ વ્યવસ્થા વહેલો તે પહેલોના ધોરણે સંસ્થાના નીચે મુજબના કાર્યાલય ખાતે કરવામાં આવેલ છે રૂા. ૨૦૦/- આપીને મેળવી લેવા વિનંતી.**

| | | |
|---|---|---|
| ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧ ૧૩૪૬ મો:૮૭૭૯૧૬૧૨૦૯ સમય: ૧૦.૩૦ થી ૧.૩૦ અને ૨.૦૦ થી ૬.૦૦ | રૂપમ, ૧૫૨, ગ્રાઉન્ડ ફ્લોર, જવાહરનગર, ગોરેગામ (વે), મુંબઇ-૪૦૦૦૬૨. મો. ૯૧૫૨૯૯૮૮૬૫ સમય: ૯.૩૦ થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ | એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇ), મુંબઇ-૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮ સમય: ૦૯.૩૦ થી ૧૨.૩૦ અને ૩.૩૦ થી ૬.૩૦ |

શ્રી પ્રમોદકુમાર કેશવલાલ શાહ અતિથિગૃહ
પીપળાશેરી, પાટણ, ઉ. ગુ., ફોન : ૦૨૭૬૬-૨૨૦૭૧૫

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ




સમાજના શ્રેષ્ઠીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષણ પ્રેમીઓનો અદ્‌ભૂત પ્રતિસાદ રૂા. ૪.૫૦ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩ કરોડની દાન ઉપલબ્ધી. આપ સૌ પ્રતિ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ?
શિક્ષણ પ્રાપ્તિ દ્વારા જીવનમાં તમોએ મેળવેલી સફળતા - સમૃદ્ધિને સ્મૃતિ પટ પર રાખી
આ અભિયાનમાં જોડાઓ.... બીજાઓને સફળ બનાવો.... પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.

## PRIMARY SCHOOL PROJECT SCHEME FOR DONATION

| No. | Details | Donors Name | Price |
|---|---|---|---|
| 1. | Main Building | Shri Tribhuvanbhai D. Patel | 1,51,00,000 |
| 2. | Computer Room | Shri Niranjanbhai Amrutlal Shah | 30,00,000 |
| 3. | Siddhahem Gyan Lobby | Smt. Bhagvatiben Vinodchandra Shah | 10,00,000 |
| 4. | Siddhahem Gyan Lobby | Dr. Yashwantbhai Harilal Jhaveri | 10,00,000 |

### Digital Class Room Each Rs. 7,00,000/- (14 Class Room alloted)


1 Smt. Bhagvatiben Vinodchandra Shah
2 Shri Jaswantbhai-Ex.Student- Amvd.
3 Smt. Indiraben Sevantilal Shah
4 Smt. Nirmalaben Ravindrabhai Shah
5 Shri J.K.Shah & Amitbhai Tarachand Sanghvi
6 Shri Yogeshbhai Nemchand Shah
7 Shri Hasmukhlal Mahasukhlal Shah
8 Shri Rasmikaben Bharatbhai Shah
9 Shri Rasiklal Chhotalal, Ahmedabad-Ex. Student
10 Shri Priyavadanbhai Khubchand Shah
11 Smt. Pareshaben Rajeshbhai Shah
12 Shri Mukeshbhai Navinchandra Shah
13 Smt. Sushilaben Rameshchandra Shah
14 Smt. Nainaben Dineshbhai Shah

| | | | |
|---|---|---|---|
| 5. | Library | Shri J.K. Shah & Amitbhai Tarachand Sanghvi | 7,00,000 |
| 6. | Staff Room | Shri Mitinbhai Ambalal Patel - Ex Student | 5,50,000 |
| 7. | Principal Room | Smt. Pritiben Pareshbhai Shah | 5,50,000 |
| 8. | Sangeet Room | Shri Vallabhbhai Dhanjibhai Patel | 5,50,000 |
| 9. | Art Room | Shri Hasmukhbhai Gadecha - Ex Student | 5,50,000 |
| 10. | Balvatika Wall & Garden | Smt. Bhagvatiben Vinodchandra Shah | 8,00,000 |
| 11. | Balvatika | Shri Mukeshbai Navinchandra Shah | 3,00,000 |
| 12. | Water Room | Shri Harshilbhai Mitulbhai Shah | 3,00,000 |
| 13. | Water Room | Shri Rajendrabhai Jayantilal Shah | 3,00,000 |
| 14. | Water Room | Shri Akshaybhai Pragneshbehai Shah | 3,00,000 |
| 15. | Water Room | Shri Ketanbhai Hasmukhlal Shah | 3,00,000 |
| 16. | Visitor Room | Ex Student 1975-1976 | 5,50,000 |

### બહુ ઓછા લાભ આપવાના બાકી છે આજે જ સંપર્ક કરશો :

- Science Lab 1 ... 25,00,000
- General Lab 1 ... 25,00,000
- Sidhahem Lobby 2 each ... 10,00,000
- Lift 1 ... 5,50,000
- Conference Room 1 ... 30,00,000
- Multipurpose Hall 1 ... 30,00,000
- Canteen 1 ... 5,50,000
- Lift 2 ... 5,50,000

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧


Project
Under Consideration
Saurabh Medical Health Center

# Saurabh Medical Health Center

# HEALTHY PATTNI WEALTHY PATTNI

# હેલ્ધી પટણી વેલ્ધી પટણી

- S.V. Road Touch
- Better Discounts to Patni Families.
- 450 Patni Families in Goregaon.
- 1700 Patni Families in Mumbai Suburbs.
- 8000+ Families in and around Goregaon.
- Opportunity for Patni Doctors.
- 4000 to 6000 Sq.ft. of State of the art Health Care Center for Patnis, Jains & Humanity.
- FREE Service to Jain Sadhu & Sadhvi mara saheb.

## Jawahar Nagar

**With a vision in Future**



# Ground Floor - Diagnostic

- Pathology
- XRay
- Physio
- Sonography
- Waiting Area
- Reception
- Washroom
